જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૨૯/૦૮/૨૦૧૮ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં

આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૬૬૮/૧૮

સરખેજ પોલીસ સ્ટેશન :

(૧)

મે.સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૧ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૭ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી,"એમ" ડિવીઝન સાહેબ નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ અત્રેનાંસરખેજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં મીલક્ત સબંધી પ્રવુતી અટકાવવા સારૂ અત્રેનાં પો.સ્ટેશન ખાતે વાહન ચોરીના ગુન્હામાં પકડાયેલ ઇસમ દિલાવર રસુલભાઈ કુરેશી ઉ.વ ૩૦ રહે.ગામ-દેલ્લા પરામા તા-કડી જી-મહેસાણા નાઓ વિરુધ્ધમાં મીલક્ત સબંધી ગુન્હાઓ એકત્ર કરી કરાવી અત્રેથી મે.પોલીસ કમિશ્નર સાહેબ શ્રી અમદાવાદ શહેર નાઓને દરખાસ્ત પાઠવી મે,પોલીસ કમિશ્નર શ્રી ની કચેરી નાઓ તરફથી ક્રમાંક પીસીબી/ડીટેઇન/પાસા/૮૬૭/૨૦૧૮ તા.૨૫/૦૮/૨૦૧૮ થી પાસા હુકમ થયેલ હોય અને સદર ઇસમ નાને સદર "પાસા" હુકમની બજવણી કરાવી "સુરત" જેલ ખાતે યોગ્ય જાપ્તા સાથે મોકલી આપવામાં આવેલ છે

(૨)

મે.સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૧ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૭ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી,"એમ" ડિવીઝન સાહેબ નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ અત્રેનાંસરખેજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં દારૂ તથા જુગારની પ્રવુતી અટકાવવા તથા શોધવા સારુ અત્રેનાં સર્વેલન્સ સ્કોર્ડનાં સ્ટાફનાં માણસોએ અત્રેનાં સરખેજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ ગેલજીપુરાગામ સિકોતર માતાના મંદિર પાછળ આવેલ ખુલ્લા ખેતર મા જુગાર રમતા દશ ઇસમોને રોકડ નાણા રૂ.૩૭૧૦૦/- નાં મુદ્દામાલ સાથે પકડી તા.૨૬/૦૮/૨૦૧૮ નાં કલાક ૧૭/૦૦ વાગે પકડી અટક કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

**<u>સુરક્ષા સેતુ રથ :</u>**

"વાસણા" પોલીસ સ્ટેશન વિસ્તારમાં સુરક્ષા સેતુ રથનું આયોજન કરી, "વાસણા" પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાગરીકોને સુરક્ષા બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ.










નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.